આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- જાગૃતી વકીલ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૧૫-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# પ્રધામંત્રી-બિરસા મુંડા-જમોઈ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારમાં જમુઈના બલ્લોપુરમાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ પર આદિવાસી ગૌરવ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો. પધાનમંત્રીએ બિરસા મુંડાના નામે 150 રૂપિયાનો સિક્કો અને 5 રૂપિયાની સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી અને તે બિરસા મુંડાના અર્પણ કર્યા.આ દરમિયાન પ્રધાનમંત્રીએ એ 6,640 કરોડ રૂપિયાથી વધુની યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ ઉપરાંત બે આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલય અને બે આદિજાતિ સંશોધન કેન્દ્રોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રીએ આ પ્રસંગે બિરસા મુંડા, બુધરામ મુંડા અને શહીદ સિધો કાન્હુના પરિવારના સભ્ય મંડલ મુર્મુનું પણ સન્માન કર્યું હતું.

**(RNU અમદાવાદ/જાગૃતી વકીલ)**

---------------------------------------------------------------------

# અમિત શાહ-બિરસા મુંડા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'ભગવાન બિરસા મુંડા દેશની આઝાદીની લડતના મહાન ક્રાંતિકારીઓમાના એક હતા.' આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે આજે નવી દિલ્હીના બાન્સેરા પાર્ક ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરતાં શ્રી શાહે આમ જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું, 'આદિવાસી સમુદાય ભગવાન બિરસા મુંડાનો હંમેશા આભારી રહેશે.'

ભગવાન બિરસા મુંડાએ ઘણી નાની વયે દેશ અને આદિવાસી સમુદાયના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

જળ, જમીન અનં જંગલ આદિવાસી સમુદાયની પાયાની જરૂરિયાત છે. ભગવાન બિરસા મુંડાએ તેમને આ માટે જાગૃત કર્યા હતા એવુ પણ શ્રી શાહે જણાવ્યુ હતું.

**(RNU અમદાવાદ/જાગૃતી વકીલ)**

---------------------------------------------------------------------------

## ગુરૂનાનક જયંતી

આજે રાજ્યભરમાં દેવ દિવાળી અને શીખ ધર્મનાં પ્રથમ ગુરુ એવા ગુરુનાનક દેવજીની 555મી જન્મ જયંતીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

યાત્રાધામ શામળાજી ખાતે ગુરૂ પૂર્ણિમા પ્રસંગે વહેલી સવારથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે. અહીં ચાલી રહેલા કાર્તિકી પૂનમના મેળાનાં છેલ્લાં દિવસે આજે ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો.

ગાંધીધામ અને ભુજ ખાતે ગુરૂદ્વારામાં નાનક જયંતીની ઉજવણીના ભાગરૂપે સવારથી ભજન કિર્તન અને બપોરે લંગરનું આયોજન કરાયું. પ્રકાશ પર્વ નિમિતે સૌ ભાવિકોએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

**(RNU અમદાવાદ/જાગૃતી વકીલ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-આરોગ્ય અધિકારી-બદલી

RNUBHUJ

કચ્છ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં અધિક જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને છેલ્લા લાંબા સમયથી ઇન્ચાર્જ સીડીએચઓ તરીકે ફરજ બજાવતા ડો.આર.આર. ફુલમાલીની બઢતી સાથે રાજકોટ બદલી કરવામાં આવી છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની ગુજરાત આરોગ્ય સેવા સંવર્ગમાં પબ્લિક હેલ્થ ઓફિસર વર્ગ-1 તરીકે ફરજ બજાવતા 13 અધિકારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી છે.ડો.ફૂલમાલીએ જિલ્લામાં ફરજ દરમ્યાન રોગચાળો અટકાવવા અને સરકારી દવાખાનાઓમા આરોગ્ય સેવાઓ સુધારવા માટે વિશેષ કામગીરી કરી હતી.

કચ્છમાં નવા આરોગ્ય અધિકારી તરીકે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એડીએચઓ તરીકે ફરજ બજાવતા ડો. મિતેશ ભંડેરીને મૂકવામાં આવ્યા છે.

**(NP/જાગૃતી વકીલ)**

-----------------------------------------------------------------------------

## ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ

અધુરુ શિક્ષણ પુરુ કરવા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલની રચના કરવામાં આવી છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ના અમલીકરણ માટે દરેક જિલ્લામાં એક એક નોડેલ અધિકારી અને તાલુકાદીઠ ઓછામાં ઓછું એક સ્ટડી સેન્ટર નિયત કરવામાં આવ્યું છે.

ઓપન સ્કૂલમાં રજિસ્ટ્રેશનની માટે કોઇ ફી લેવામાં આવશે નહી અને અભ્યાસ માટે પણ તમામ સેવા વિનામૂલ્યે આપવામાં આવશે. હાલમાં વિદ્યાર્થીઓને માધ્યમિક વિભાગમાં ધોરણ 9 અને ધોરણ 10 તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહમાં ધો.11 અને ધો.12માં અભ્યાસ ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના રજીસ્ટર વિધાર્થી તરીકે કરી શકે તેવી સુવિધાઓ છે.

**(NP/જાગૃતી વકીલ)**

PMU BHUJ

-----------------------------------------------------------------------------------

## માદક પદાર્થોનો જથ્થો પકડાયો

પોરબંદરના દરિયામાંથી ફરી એક વખત માદક પદાર્થનો મોટો જથ્થો ઝડપાયો છે. ગુજરાત ATS, NCB અને નેવીની ટીમે મધદરિયે ઓપરેશન પાર પાડી અંદાજીત 700 કિલોના માદક પદાર્થો સાથે આઠ જેટલા ઇરાની શખસોને ઝડપી પાડ્યા છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા 9 મહિનામાં પોરબંદરના દરિયામાંથી 4,000 કિલોથી વધુનો માદક પદાર્થોનો જથ્થો ઝડપાયો છે.

**(NP/જાગૃતી વકીલ)**

-----------------------------------------------------------------------------------

## હવામાન

નવેમ્બર મહિનાના પ્રથમ પખવાડીયા બાદ પણ હજુ  કચ્છમાં શિયાળો જામ્યો નથી. છેલ્લા થોડા દિવસથી જીલ્લામાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો છે. વહેલી પરોઢે અને મોડી રાત્રે  સામાન્ય ઠંડક બાદ દિવસભર વાતાવરણ હુંફાળુ રહે છે. હજુ મોટે ભાગે  મહત્તમ તાપમાન 36 ડિગ્રી આસપાસ રહેતુ હોવાથી રવિ પાકના  વાવેતર માટે અનુકુળ નથી.  જો ઠંડીની સિઝન વધુ મોડી જશે તો  રવિપાકનું  આગોતરૂ વાવેતર કરનાર ખેડુતોને નુકશાન થવાની ચિંતા છે.

**(NP/જાગૃતી વકીલ)**

-----------------------------------------------------------------------------------

## બિદડા-પેરાએથ્લેટિક ટ્રેઈનીંગ

બિદડા સર્વોદય ટ્રસ્ટ,નવચેતન અંધજન મંડળ તથા ગુજરાત પેરાસ્પોર્ટ્સ એસોશિએશનના સહયોગથી બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે તા-18 નવેમ્બરના શારિરીક તેમજ દ્દષ્ટિ ક્ષતિગ્રસ્ત એથ્લેટ્સનું કલાસિફિકેશન કરવામાં આવશે. બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજય છેડા અને જયારિહેબના ડાયરેક્ટર મુકેશ દોશીએ જણાવ્યુ હતું કે પેરાએથ્લેટીક ટ્રેનીંગ દિવ્યાંગજનોને સશક્તિકરણમાં

આગવો ભાગ ભજવે છે. આ અંગે  વધુ માહિતી માટે જયારિહેબના  નીતિન પરમારનો 72029 60000 પર સંપર્ક કરવા જણાવાયુ છે.

**(NP/જાગૃતી વકીલ)**

---------------------------------------------------------------------

RNU BHUJ